વર્ષ ૨૦૨૧-૨૨ની પ્રિ- સ્કુલ કિટ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ જેન્ડર રીસોર્સ સેન્ટર (GRC) માં જમા રાખી ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૨/૩૮/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/03/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૧/૧૩૫૧૧૨/બ, તા.૦૭/૦૪/૨૦૨૧.

(૨)નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) ની તા.૦૨/૦૩/૨૦૨૨ની દરખાસ્ત ક્ર. ઈસીસીઈ/ આઇસીડીએસ/ પ્રિ-સ્કુલ કિટ/૨૦૨૨/૧૧૦૯૦.

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્ર. (૧) પરના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહિવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધી ક્ર. (૨) પરથી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧ અને ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૧ હેઠળની વર્ષ:૨૦૨૧-૨૨ની પ્રિ- સ્કુલ કિટ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ જેન્ડર રીસોર્સ સેન્ટર (GRC) માં જમા રાખી ખર્ચ કરવા દરખાસ્ત કરેલ.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૧-૨૨ની પ્રિ- સ્કુલ કિટ યોજના હેઠળ ફાળવવામાં આવેલ બજેટ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧ તેમજ બજેટ સદર ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૧ હેઠળની રૂ.૨૦,૭૨,૯૨,૦૫૦/- ની ગ્રાન્ટ જેન્ડર રીસોર્સ સેન્ટર (GRC)માં તા.૩૧/૦૭/૨૦૨૨ સુધી જમા રાખી ખર્ચ

કરવા નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

1. જમા રકમ અંગે તા.૩૧/૦૭/૨૦૨૨ સુધીમાં અચુકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. જમા કરાવેલ રકમ GSFS ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.
3. નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ ખાત્રી કરવાની રહેશે કે, GSFS માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચુકપણે જમા થાય.
4. સદર રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
5. ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮-૦૩-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.